વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ અને વિદ્યાર્થી સન્માન સમારોહ - 'સ્પંદન'નો વિસ્તૃત અહેવાલ (17-03-2026)

શ્રી સર્વોદય કેળવણી મંડળ સંચાલિત, શ્રીમતી અમૃતબેન વાલજીભાઈ દામજીભાઈ સવાણી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ખાતે સંસ્થાના સર્વાંગી વિકાસના ધ્યેય (Holistic Development) સાથે તાજેતરમાં કોલેજ પ્રાર્થના ખંડમાં વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ 'સ્પંદન' અને 'શ્રી વિઠ્ઠલભાઈ પ્રેમજીભાઈ કાલરીયા વિદ્યાર્થી પ્રતિભા સન્માન સમારોહ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત સમૂહમાં વંદે માતરમ અને ભાવપૂર્ણ પ્રાર્થના 'યા કુન્દેન્દુ તુષારહાર ધવલા...' દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શ્રી સર્વોદય કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી બી.આર. મેંદપરા સાહેબે તમામ મહેમાનોનું શબ્દોથી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કોલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા પધારેલા અતિથિઓનું ખાદીના રૂમાલ અને પુષ્પો દ્વારા ભારતીય પરંપરા મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય આકર્ષણ સમાન 'વિદ્યાર્થી પ્રતિભા સન્માન સમારોહ'માં તેજસ્વી વિદ્યાર્થીઓને શીલ્ડ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તથા ખેલમહાકુંભ અને સ્પોર્ટ ડે માં વિજેતા થનાર ખેલંદાઓ ને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ પોતાની કળા અને સંસ્કૃતિના દર્શન કરાવતા વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા જેમાં ગણેશ સ્તુતિ: માનસી અને ગ્રુપ દ્વારા ભક્તિમય પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વિવિધ કૃતિઓ રજૂકરવામાં આવી હતી. અંતે વિદ્યાર્થીઓ દ્વારા 'કોલેજ લાઈફ' વિષય પર નાટક દ્વારા પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. કોલેજના પ્રિન્સિપાલ ડૉ. અલ્કેશ વાછાણી દ્વારા કોલેજનો વાર્ષિક અહેવાલ રજૂ કરી સંસ્થાની સિદ્ધિઓ વર્ણવવામાં આવી. ત્યારબાદ મુખ્ય અતિથિ શ્રી બ્રીજરાજસિંહ વાળા (ચીફ ઓફિસર - જામજોધપુર નગરપાલિકા), ડૉ. જીતેન્દ્ર એલ. ગરમોરા (ડીન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી), શ્રી ચિરાગભાઈ આર. કાલરીયા (ટ્રસ્ટી/મંત્રીશ્રી) આ તમામ મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન દ્વારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે પ્રોફેસોર શ્રી કે.જી. પટેલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ડૉ. સુનિતાબેન કણજારીયા, ચૌહાણ ક્રિષ્ના અને શિંગરખીયા પૂનમ દ્વારા કુશળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. અંતે સામૂહિક રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# Annual Cultural Program and Student Recognition Ceremony - 'Spandan' Detailed Report

With the aim of Holistic Development of the institution, the annual cultural program 'Spandan' and 'Shri Vitthalbhai Premjibhai Kalaria Student Recognition Ceremony' were recently organized in the college prayer hall at Shri Sarvodaya Kelavani Mandal, Smt. Amritben Valjibhai Damjibhai Savjani Arts and Commerce College, Jamjodhpur.

The program was started with a group Vande Mataram and a heartfelt prayer 'Ya Kundendu Tusharhar Dhawala...'. After that, the program was opened by lighting the lamp by the dignitaries present. Shri B.R. Mendpara Saheb, Trustee of Shri Sarvodaya Kelavani Mandal, warmly welcomed all the guests with words. Then the guests who arrived were welcomed by the staff and students of the college with khadi handkerchiefs and flowers according to Indian tradition. In the main attraction of the program, the 'Student Talent Recognition Ceremony', the brilliant students were encouraged by giving shields and certificates. And the athletes who won in the Khel Mahakumbh and Sports Day were honored with shields and certificates.

Under the cultural program, the students presented various programs showcasing their art and culture, in which Ganesh Stuti: Devotional was started by Manasi and the group. After that, various works were presented. Finally, the students won the hearts of the audience with a play on the topic of 'College Life'. The Principal of the college, Dr. Alkesh Vachani, presented the annual report of the college and described the achievements of the institution. After that, the chief guests Mr. Brijraj Singh Wala (Chief Officer - Jamjodhpur Municipality), Dr. Jitendra L. Garmora (Dean, Saurashtra University), Shri Chiragbhai R. Kalaria (Trustee/Minister) All these dignitaries blessed the students for a bright future through their relevant speeches. At the end of the program, Professor Shri K.G. Patel gave the vote of thanks. The entire program was skillfully conducted by Prof. Dr. Sunitaben Kanjariya, Chauhan Krishna and Shingarkhiya Poonam. At the end, the program concluded with the national anthem.

॥ ज्ञान दीपेन भास्वता ॥

Shri Sarvodaya Kelavani Mandal Sanchalit

Smt. Amrutben Valjibhai damjibhai Savjani

# Arts & Commerce College

Gingani Road, Jamjodhpur-360530 (Dist. Jamnagar) GUJARAT

Office : 220139 (R). 220206

## Photos of Annual Cultural Program









॥ ज्ञान दीपेन भास्वता ॥

Shri Sarvodaya Kelavani Mandal Sanchalit

Smt. Amrutben Valjibhai damjibhai Savjani

# Arts & Commerce College

Gingani Road, **Jamjodhpur**-360530 (Dist. Jamnagar) GUJARAT

Office : 220139 (R). 220206








